પ્રાંતિજમાં ખુલ્લી કુંડીમાં વાછરડુ પડ્યુ



# સાબરકાંઠામાં બાઈક ચોર ગેંગ ઝડપાઈ

## ૫૫ ગુના કબુલ્યા, ૪૧ બાઈકો કબજે લીધી : હિમતનગર એ-ડીવીઝને લુહાર ગેંગ, એલસીબીએ બીજુડા ફળો ગેંગ ઝડપી

હિંમતનગર, તા. ૧૦

સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મામાંથી છેલ્લા છ માસથી અનેક બાઈક ચોરીના બનાવથી પોલીસ તંત્રની ઉંઘ હરામ થઈ ગઈ હતી અને પોલીસના માથે માછલા ધોવાતા હતા. જેથી પોલીસે ખાનગી વોચ સાથે વાહન ચેકીંગ સઘન બનાવ્યુ હતું. દરમિયાન મંગળવારે પકડાયેલ શંકાસ્પદ બાઈક ચાલકની અટક કરી પુછપરછ કરતા બાઈક ચોર ટોળકીનો પર્દાફાશ થયો હતો. જેથી પોલીસે ચોરીની ૧૯ બાઈક કબજે લઈ ત્રણ બાઈક ઉઠાવગીરોને શનિવારે પકડી જેલને હવાલે કરી દીધા હતા. આ બાઈક ચોર ટોળકીએ વિવિધ શહેરમાંથી ૨૪ બાઈક ચોરી હોવાની કબુલાત કરી છે. બીજી તરફ હિંમતનગર બી-ડીવીઝન પોલીસે ઝડપેલી લુહાર ગેંગના સાગરીતોએ શનિવારે ૯ ગુના કબુલ્યા હતા જેમની પાસેથી ૫ બાઈકો કબજે લીધી હતી.રવિવારે આ ગેંગની સઘન પુછપરછ હાથ ધરતા બાઈક ચોરીના ૧૨ ગુના કબુલતા જેથી પોલીસે વધુ ૧૧ બાઈક કબજે લીધા હતા,આમ બી-ડીવીઝન પોલીસે બે દિવસમાં ૨૧ ગુનાનો ભેદ ઉકેલી ૧૬ બાઈકો કબજે લીધા છે.

સાબરકાંઠા જિલ્લાના એસ.પી. પી.એલ.માલની સુચના અન્વયે ખેડબ્રહ્મા વિસ્તારમાં થતા વાહન ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલવા ખેડબ્રહ્મા પોલીસ સ્ટાફે બાતમીના આધારે વોચ ગોઠવી હતી અને વાહન ચેકીંગ શરૂ કર્યુ હતું. દરમિયાન તા.૫ જુલાઈએ એસ.ટી. સ્ટેન્ડ પાસે વાહન ચેકીંગમાં બાઈક નં.જીજે.૦૯.એજે.૫૭૨૫ની ઉપર ત્રણ ઈસમો આવતા હતા. પરંતુ તેઓ શંકાસ્પદ જણાતા બાઈક ચાલકનું નામઠામ પુછતા પોતાનું નામ ગુલાબભાઈ કેશરાભાઈ મકવાણા (રે.સદરી, તા.કોટડા, જિ.ઉદેપુર) હોવાનું જણાવ્યુ હતું. પુછપરછમાં વાહનના આધારપુરાવા રજુ ન કરી શકતા તેની અટક કરાઈ હતી અને પાંચ દિવસના રીમાન્ડ મેળવવામાં આવ્યા હતા. જયાં તેની પુછપરછ કરતા તેના અન્ય ત્રણ સાથીદારોના નામ આપ્યા હતા. જેમાં પ્રેમચંદ ઉર્ફે હોતાભાઈ જમનાદાસ ખૈર (રે.નયાગાવ, તા.કોટડા છાવણી (ઉદેપુર), ઉસ્માનભાઈ વાઘાભાઈ ગમાર (રે.વીરા, તા.પોશીના, સા.કાં.), રામજીભાઈ ઉર્ફે દિનેશભાઈ રાવાભાઈ ગમાર (રે.સુબરી, તા.કોટડા છાવણી) ભેગા મળી ખેડબ્રહ્મા, વિજયનગર, ઈડર, જાદર, હિંમતનગર, ખેરોજ વિસ્તારમાંથી ૧૨ બાઈક ચોરી કરી હોવાનું કબુલ્યુ હતું. જોકે પોલીસે તેમની પાસેથી ૧૯ બાઈક કબજે કર્યા હતા.

ખેડબ્રહ્માના લક્ષ્મીપુરા ચાર રસ્તા પાસે બાઈક નં.જીજે.૦૯. એપી.૩૨૩૮ના ચાલકની પુછપરછ કરતા બાઈક ચોરીનું હોવાની જાણ થતાં બાઈક ચાલક મુકેશભાઈ ભુરાભાઈ ગમાર (રે.ગુંદીખાણા, તા.પોશીના, જિ.સા.કાં.) ની અટક કરવામાં આવી હતી. તેની પુછપરછ કરતા કબજે લીધેલી બાઈક સહિત અન્ય ૧૨ બાઈક પાલનપુરમાંથી ચોરી કર્યાની કબુલાત કરી હતી. જે પૈકી ૬ બાઈક પોલીસે કબજે લીધા છે.

બીજી તરફ જિલ્લા પોલીસવડા પી.એલ.માલના જણાવાયા મુજબ જિલ્લામાં ઘણા સમયથી વાહન ચોરીના ગુના ઉકેલવા માટે પોલીસ તંત્રએ વોચ ગોઠવીને તપાસ હાથ ધરી હતી. જેની સફળતારૂપે બી-ડીવીઝનના પી.એસ.આઈ. ડી.ડી.પરમાર, એલસીબી પી.આઈ. સોમભાઈ પટેલ, વિક્રમસિંહ પરમાર, રાજુભાઈ મોડીયા, સાંકાભાઈ દેસાઈ, વીરભદ્રસિંહ અને રાકેશ પરમારે ગુપ્ત ઓપરેશન કરી અત્યાર સુધીમાં લુહાર ગેંગ, કોટડા છાવણી ગેંગ અને બીજુડા ફળો ગેંગના સાગરીતોને ઝડપી લઈ અત્યાર સુધીમાં ૫૫ વાહન ચોરીના ગુનાઓ પૈકી ૪૧ વાહનો કબજે લઈ ૮ શખ્સોની અટકાયત કરી છે.

### ડુપ્લીકેટ ચાવીથી બાઈકનું લોક ખોલતા હતા

બાઈક ચોર ટોળકીના પાંચ શખ્સો બાઈકની ડુપ્લીકેટ ચાવીથી બાઈકનું લોક ખોલી બાઈકની ઉઠાંતરી કરતા હતા અને અત્યાર સુધી ચોરાયેલા ૨૪ બાઈક રૂા.૬ થી ૭ હજારમાં વેચી દેતા હતા. બાઈક ચોર ટોળકીનો ગુલાબભાઈ મકવાણા અંબિકા માતાજી મંદિરના સીસી ટીવી કેમેરામાં દેખાયો હતો. જેથી પોલીસ દ્વારા તેની પાછળ વોચ ગોઠવી ગત મંગળવારે ઝડપી લેવાયો હતો. બાઈક ચોર ટોળકીને પકડવામાં ખેડબ્રહ્મા પી.એસ.આઈ. એસ.એમ.ગામેતી સાથે પો.કો.ધર્મેન્દ્રભાઈ નટવરભાઈ પટેલ, વિજયભાઈ ભીખાભાઈ પટેલ, પ્રકાશભાઈ લાલજીભાઈ દેસાઈ, રાજેન્દ્રસિંહ ખુમાનસિંહ, વિરેન્દ્રસિંહ રતનસિંહ, વિક્રમભાઈ મગનભાઈએ ઓપરેશન પાર પાડયુ હતું. જોકે પોલીસને આશા છે કે પુછપરછ દરમિયાન બીજા વાહન ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી શકયતા છે.

### ચોરી કરેલા વાહનો રાજસ્થાનના પાલીમાં વેચી દેવાતા હતા

બી-ડીવીઝનના પી.એસ.આઈ. ડી.ડી.પરમારના જણાવાયા મુજબ જિલ્લામાંથી લુહાર ગેંગ દ્વારા જે બાઈકોની ચોરી કરાતી હતી તેને રાજસ્થાનના પાલી જિલ્લામાં લઈ જઈ સસ્તામાં વેચી દેવામાં આવતા હતા. ઘણી વખત તો તેઓ ચોરી કરેલા વાહનો અવાવરૂ જગ્યાએ સંતાડી દેતા હતા. ત્યારબાદ તેના સ્પેરપાર્ટસ જુદા પાડીને વેચી દેતા હતા.




# પાંથાવાડાના યુવાને વ્યાજખોરોના ત્રાસથી ઝેર ગટગટાવ્યુ : ગંભીર

## ગંભીર હાલતમાં પાલનપુર સિવિલ ખસેડાયો, ૪ વ્યાજખોરો સામે પોલીસ ફરીયાદ નોંધાઈ

પાલનપુર, તા. ૧૦

સામાન્ય રીતે વ્યાજખોરોના ત્રાસને પગલે ગુજરાતમાં દરરોજ ૫ જેટલા લોકો જીવનનો અંત લાવવાનો પ્રયાસ કરતા હોય છે. જો કે આ પ્રમાણ હજુ વધતુ હોય તેમ આજે બનાસકાંઠાના પાંથાવાડા તાલુકાના ધનિયાવાડા ગામે યુવાને વ્યાજખોરોના ત્રાસથી ઝેરી દવા પી આત્મહત્યા કરવાની કોશિશ કરતા ગંભીર હાલતમાં પાલનપુર સિવિલ ખસેડાયો છે.



વ્યાજખોરોના ત્રાસને પગલે ગમે તેવો કઠણમાંનો માનવી પણ પઠાણી ઉઘરાણીને પગલે જીવનનો અંત લાવવાનો પ્રયાસ કરતા હોય છે તેમજ અત્યાર સુધી કેટલાય લોકો પોતાના જીવનનો અંત લાવી સ્વધામ પહોંચી ચુક્યા છે ત્યારે આજે વધુ એક વ્યાજખોરના ત્રાસથી અંત લાવવાનો પ્રયાસ કરનાર યુવકનો બનાવ સામે આવ્યો. જ્યાં બનાસકાંઠાના પાંથાવાડા તાલુકાના ધનિયાવાડા ગામે રમેશ પ્રજાપતિ નામના યુવકે વ્યાજખોરોના ત્રાસથી ઝેરી દવા પી આત્મહત્યા કરવાની કોશિશ કરતા ગત રાત્રીએ ગંભીર હાલતમાં પાલનપુર સિવિલ ખસેડાયો છે.

રમેશ પ્રજાપતિએ છેલ્લા એક વર્ષમાં રકમ સહિત પોતાનું ઘર બાર પણ જે તે આરોપીઓએ કબ્જે કર્યુ છે તેમજ અવારનવાર મોતની ધમકી આપી માનસિક ત્રાસ ગુજારતા ગત મોડી રાત્રે વ્યાજખોરોના ત્રાસને પગલે રમેશ પ્રજાપતિએ ઝેર ગટગટાવતા સારવાર અર્થે પાલનપુર ખસેડાયો તેમજ હજુ પણ વ્યાજખોરોનો ત્રાસ સ્પષ્ટ જોઈ શકાય છે. જો કે રમેશ દ્વારા ઝેરી દવા પીતા પહેલા ૨ સુસાઈડ નોટ મળી આવી જેના પગલે સમગ્ર ઘટનાનો પર્દાફાશ થવા પામ્યો છે. રમેશના ખિસ્સામાંથી સુસાઈડ નોટ મળી આવી છે જો કે હાલમાં યુવકની હાલત ગંભીર હોવાથી સિવિલ ડૉક્ટરે ડી.ડી. ભરવા પોલીસને સુચન કર્યું તેમજ પાલનપુર પૂર્વ પોલીસે તેમજ મામલતદાર સમક્ષ આત્મહત્યાની કોશીસ કરનાર યુવાન રમેશ પ્રજાપતિએ ઝેર પીવાનું કારણ જણાવી ચાર વ્યાજખોરોના નામ પણ આપ્યો છે. જો કે આ મુદ્દે હાલમાં પોલીસ દ્વારા ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરાઈ છે તેમજ આરોપીઓને શોધવાની તજવીજ શરૂ કરાઈ છે પરંતુ વ્યાજખોરોના આ ત્રાસમાંથી સ્થાનિકોને ક્યારે છુટકારો મળે છે એ જ જોવું રહે છે.

# પ્રાંતિજમાં ખુલ્લી કુંડીમાં વાછરડુ પડ્યુ

પ્રાંતિજ ખાતે આવેલ ત્રણ રસ્તાથી રેલવેસ્ટેશન વિસ્તાર સુધીનો નવીન માર્ગ બની રહ્યો છે અને બાજુમાં વરસાદી પાણીના નિકાલ માટે બનાવેલ કુંડીઓ બનાવ્યા પછી પણ એક મહિના બાદ પણ હજુયે કુંડીઓ ઉપર ઢાંકણું મુકવામાં ના આવતાં ગાયનું વાછરડું કુંડીમાં પડ્યું હતું ત્યારે જીવદયા પ્રેમીઓ દ્વારા વાછરડાને એક કલાકની મહેનત બાદ બહાર કાઢવામાં આવ્યું હતું.



પ્રાંતિજમાં રોડ કોન્ટ્રાક્ટર દ્વારા રોડની સાઈડમાં બનાવેલ કુંડીઓના ઢાંકણા કુંડીઓ બનીને એક મહિનો થયો છતાં હજુ સુધી લગાવવામાં ન આવતા રાત્રીના સમયે એક રેલ્લી પડી જતાં તે શરીરે લોહી લુહાણ થઈ હતી. અને કેટલાક જીવદયા પ્રેમીઓ દ્વારા તેને મહામુસીબતે રસ્સીની મદદથી બહાર કાઢવામાં આવી હતી. ત્યારે શહેરીજનોનું કહેવું છે કે સત્વરે કુંડીઓના ઢાંકણા નહી નાંખવામાં આવે તો હજુયે કોઈ બાળક કે પશુ પડે તો નવાઈ નહી ત્યારે કોન્ટ્રાક્ટર દ્વારા આળસ ખંખેરીને સત્વરે દરેક કુંડીઓના ઢાંકણા નાંખવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# એબીવીપી દ્વારા મહેસાણામાં વિદ્યાર્થી દિવસની ઉજવણી

મહેસાણા, તા. ૧૦

મહેસાણા શહેરમાં ટી.બી. રોડ પર આવેલ પ્રજાપતિ સમાજની વાડીમાં અખીલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા સંવેદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્ઞાન ચરિત્રતા અને એકતાના સુત્ર સાથે વરેલી અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદનો આજે સ્થાપના દિવસ હોવાથી વિદ્યાર્થી દિવસ તરીકેની ઉજવણી કરવામાં આવી હતી. પરિષદ દ્વારા જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ આરોગ્ય મંત્રી નિતીનભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.






કાર્યક્રમમાં ઉપસ્થિત આરોગ્ય મંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ રાષ્ટ્રભક્તિ અને રાષ્ટ્રભાવના સાથે જોડાય તે જરૂરી છે. પરિષદ દ્વારા વર્ષોથી આ પ્રકારનું ઉમદા કાર્ય થઈ રહ્યું છે. રાજ્યમાં ૧ કરોડ વિદ્યાર્થીઓ વિવિધ ક્ષેત્રમાં અભ્યાસ કરી રહ્યા છે. રાજ્યની આ યુવા શક્તિ રાષ્ટ્રભાવના સાથે જોડવાનું કામ કરી ભારતને વિશ્વ ગુરૂ બનવાનું સ્વપ્ન સાકાર કરવા માટે આપણે સહિયારો પ્રયાસ કરી રહ્યા છીએ. રાજ્ય સરકાર પ્રાથમિક અને માળખાકીય સુવિધાઓ આપી અગ્રેસર પુર્ણ કામ કરી રહી છે. રાજ્યના યુવાનોને રોજગારી મળે તે દિશામાં સરકાર દિશા સુચક કામ કરી રહી છે.

પ્રજાપતિ સમાજ દ્વારા ચાલતા કોચીંગ ક્લાસની મુલાકાત લેતા મંત્રીએ જણાવ્યું હતું કે આજે દરેક ક્ષેત્રમાં હરિફાઈ વધી રહી છે. રાજ્ય સરકાર પારદર્શક પુર્ણ ભરતી પ્રક્રિયા કરી રહી છે. રાજ્યના ૬ લાખ કર્મયોગીઓ પૈકી દર વર્ષે ૩૦ હજાર જેટલા નિવૃત્ત થાય છે. સરકારે યુવાનોને રોજગારી મળે તે માટે આ વર્ષે ૬૦ હજારની વિવિધ કેડરમાં ભરતી કરવા જઈ રહી છે. રાજ્યના તમામ સમુદાયનો વિકાસ થાય તે દિશામાં સરકાર અગ્રેસર પુર્ણ કામ કરી રહી છે. કાર્યક્રમમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કેતસ સુખડીયા સહિત એબીવીપીના કાર્યકરો, વાલીઓ, વિદ્યાર્થીઓ, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડબ્રહ્મામાંથી વાહનચોર ગેંગ ઝડપાઈ

## પોલીસે આરોપીઓ પાસેથી ૧૯ ટુવ્હીલર કબ્જે કર્યા : ગેંગે જિલ્લામાંથી બે ડઝનથી વધારે બાઈકની ચોરી કરી હોવાની કબુલાત કરી

ખેડબ્રહ્મા, તા. ૧૦

ખેડબ્રહ્મામાં ટાઉન વિસ્તારમાંથી પોલીસે વાહનચેકીંગ દરમિયાન ચોરીના બાઈક સાથે ત્રણ બાઈકચોરને ઝડપી પાડ્યા હતા. પોલીસે આ બાઈક ચોરોની સઘન પુછપરછ કરતા આ ઈસમોએ જુદા જુદા વિસ્તારમાંથી ૧૨ નંગ બાઈકની ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી ૧૩ જેટલા બાઈકો કબજે કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. કોટડા છાવણીની વાહન ચોરી ગેંગના પાંચ ઈસમોએ સાબરકાંઠા-બનાસકાંઠા જિલ્લામાંથી ૨૪ જેટલા વાહનોની ચોરી કરી હોવાની પણ કબુલાત કરી હતી.



પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મામાં ટાઉન વિસ્તારમાં ખેડબ્રહ્મા પોલીસે વારંવાર બનતા વાહન ચોરીના ગુન્હાઓનો ભેદ ઉકેલવા સઘન વાહનચેકીંગ હાથ ધર્યુ હતું. જેમાં ખેડબ્રહ્મા એસ.ટી. બસ સ્ટેન્ડ વિસ્તારમાંથી બજાજ ડિસ્કવર બાઈક નં. જીજે-૯એજે-૫૭૨૫ પર સવાર ચાલકની પુછપરછ કરતા ત્રણેય બાઈક સવાર શંકાસ્પદ જણાતા પુછપરછમાં ચોરીનું બાઈક હોવાની કબુલાત કરી હતી. આથી પોલીસે આરોપી પ્રેમચંદ ઉર્ફે હોલાભાઈ ખેર (રહે. કોટડા, છાવણી, ઉદેપુર), ઉસ્માન વાઘાભાઈ ગમાર (રહે. પોશીના સાબરકાંઠા તેમજ રામજીભાઈ ઉર્ફે દિનેશભાઈ ગમારની અટકાયત કરી હતી.



પોલીસે આરોપીઓની વધુ પુછપરછ કરતા સાબરકાંઠાના વિજયનગર ખેરોજ, ઈડર, જાદર, હિંમતનગરમાંથી જુદા જુદા કુલ ૧૨ જેટલા વાહનોની ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. આ ઉપરાંત પોલીસે લક્ષ્મીપુરા વિસ્તારમાંથી ચોરીના બાઈક સાથે મુકેશ ભુરાભાઈ ગમારની પણ અટકાયત કરી હતી. કોટડા છાવણીની વાહનચોર ગેંગે સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાંથી બે ડઝન જેટલા વાહનની ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી કુલ ૧૯ બાઈક રીકવર કર્યા હતા અને તમામ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.